## સંક્ષિપ્ત સમાચાર

### શ્રી મહુવા પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીમાં ફાયર ઓફ સાઈટ મોકડ્રીલ યોજાઈ



મેહુલ પટેલ

અનાવલ: સુરત જિલ્લાના બારડોલી, મહુવા અને મઢી ઇન્ડસ્ટ્રિયલ પોકેટનો સમાવેશ કરતા લોકલ ક્રાઈસીસ ગ્રુપ-3 દ્વારા શ્રી મહુવા પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ., બામણીયા ખાતે ફાયર ઓફસાઈટ મોકડ્રીલ યોજાઈ હતી. મોકડ્રીલ ઇથેનોલ ભરેલા ટેન્કર અને શેરડી ભરેલા ટ્રક વચ્ચે અકસ્માત સર્જાય અને ઇથેનોલ લીકેજ બાદ સ્પાર્કથી મોટી આગ લાગવાના દૃશ્ય પર આધારિત હતી. શરૂઆતમાં ફેક્ટરીની ફાયર ટીમે આગ કાબૂમાં લેવા પ્રયાસ કર્યો, પરંતુ સ્થિતિ બેકાબૂ બનતાં ઓફસાઈટ ઇમરજન્સી જાહેર કરી લોકલ ક્રાઈસીસ ગ્રુપને બોલાવવામાં આવ્યાં હતાં. તુરંત જ બારડોલી ફાયર વિભાગ, પ્રાંત અધિકારી, મામલતદાર, મહુવા પોલીસ, ફેક્ટરી ઇન્સ્પેક્ટર, મેડિકલ ટીમો, એમ્બ્યુલન્સ અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ સ્થળે આવી પહોંચ્યા હતા. સૌના સંયુક્ત પ્રયાસોથી આગને સફળતાપૂર્વક કાબૂમાં લેવામાં આવી હતી. સવારે 10:15 કલાકે શરૂ થયેલી આ મોકડ્રીલ માત્ર 30 મિનિટમાં 10:45 વાગ્યે શાંતિપૂર્વક પૂર્ણ થઈ હતી. મહુવા સુગરના મેનેજિંગ ડિરેક્ટર ભાનેશભાઈ બી.પટેલ સહિત અધિકારીઓ, કર્મચારીઓ અને આમંત્રિત મહેમાનોની હાજરીમાં મોકડ્રીલ સફળ થઈ હતી.

### મૌઝા ગામે જુગાર રમતા ૨ ઝડપાયા

નેત્રંગ: નેત્રંગ પોલીસ ચાસવડ બીટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. એ સમયે બાતમી મળી હતી કે, મૌઝા ગામના પુંજપુજીયા ફળિયામાં રહેતા રમેશ પાંચીયાના કાચા મકાનની પાછળ આવેલા વાડામાં ઝાડ નીચે પત્તાંપાનાં વડે હારજીતનો જુગાર રમાય છે. આ બાતમી મુજબ રેડ કરાતાં મેહુલ શાંતિલાલ વસાવા અને હેમંત પ્રતાપ વસાવા ઝડપાઈ ગયા હતા. બંનેની અંગજડતી લેતાં રોકડા રૂ.૪૫૦, દાવ પરના રૂ.૨૭૦ મળી કુલ રૂ.૭૨૦નો મુદ્દામાલ જપ્ત કરી છોટુ ગુલાબ વસાવા, રોહિત ગીંબલા વસાવા, જશવંત માલજી વસાવા અને નગીન માનસીંગ વસાવાને વોન્ટેડ જાહેર કર્યા હતા.

### ઝાબ ગામે રૂ.૨૪.૦૭ કરોડનાં કામોનું ખાતમુહૂર્ત




હિતેશ પટેલ

માંડવી: ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિના હસ્તે અરેઠ તાલુકાના ઝાબ ગામે માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા મંજૂર કરાયેલા રૂ.૨૪.૦૭ કરોડનાં ૧૩ કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું. આ કામોમાં રૂ.૧૦.૫૦ કરોડના ખર્ચે પાટિયા રતોલા ગામ રોડ, રૂ.૬.૨૦ કરોડના ખર્ચે ચુડલ ચોકડીથી ઉટેવા ગામ રોડ, રૂ.૩ કરોડ ખર્ચે ઝાબ પાતાલ મેઇન રોડથી ઘરતીઘન અને વૃંદાવન સ્ટોન ક્વોરી રોડ, રૂ.૧.૨૦ કરોડના ખર્ચે કીમ-માંડવી સ્ટેટ હાઇવેથી રાજ સ્ટોન ક્વોરી નરેણ રોડ, રૂ.૫૨ લાખના ખર્ચે ઝાખલા એપ્રોચ રોડ સહિતનાં ૧૩ કામોનો સમાવેશ થાય છે. આ પ્રસંગે અગ્રણીઓ અનિલ ચૌધરી, દિનેશ પટેલ, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) નાયબ કાર્યપાલક ઈજનેર અજય રાઠોડ, તા.પં.પ્રમુખ દિલીપભાઈ ચૌધરી, APMC ચેરમેન લલ્લુભાઇ ચૌધરી, સરપંચ લલીતાબેન ગામીત, ડેપ્યુટી સરપંચ ભરત ગામીત, કોરી એસોસિયેશન પ્રમુખ રજનીભાઇ કથીરિયા, રામજીભાઈ દાખરા, કનુભાઈ જીયાણી, શંકરભાઈ ચૌધરી, કિશોરભાઈ સહિત સરપંચો, શાળાના શિક્ષકો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. તો ધારાસભ્ય કુંવરજીભાઇ હળપતિના હસ્તે તડકેશ્વર ગામે પણ ખાતમુહૂર્ત કરતાં તડકેશ્વર, રોસવાડ અને વિરપોર ત્રણ ગામના રસ્તાનું રૂ. 415 લાખ ખર્ચે તથા ધરમપુર, બોરીગારા અને કોલાકુઈ ગામના રસ્તાનું રૂ.217 લાખના ખર્ચે તૈયાર થશે.

### ભરૂચ-દહેજ માર્ગ પર ટ્રાફિકનું ગ્રહણ

ભરૂચ: ભરૂચ શહેરની મનુબર ચોકડીથી શ્રવણ ચોકડી સુધીના દહેજને જોડતા અત્યંત મહત્વપૂર્ણ માર્ગ પર તા.5મીએ સવારે ભારે ટ્રાફિકજામની પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. વાહનોની લાંબી કતારો લાગી જતાં અનેક વાહનચાલકો અને મુસાફરો રસ્તામાં જ અટવાઈ ગયા હતા, જેના કારણે મુસાફરોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. શાળાના સમય દરમિયાન ટ્રાફિક જામ સર્જાતા અનેક વિદ્યાર્થીઓ પણ રસ્તામાં ફસાઈ ગયા હતા. મુસાફરો અને સ્થાનિક નાગરિકોએ પોલીસ વિભાગ સમક્ષ તાત્કાલિક એક્શન પ્લાન બનાવીને મનુબર ચોકડીથી શ્રવણ ચોકડી સુધીના આ માર્ગ પરની ટ્રાફિકજામની રોજિંદી સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવાની માંગ કરી છે.

### મહુવાની પુના આશ્રમશાળામાં ‘બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન-2025’ અને ‘કલાઉત્સવ’ યોજાયો



મેહુલ પટેલ

અનાવલ: ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાની અધ્યક્ષતામાં મહુવાની પુના આશ્રમશાળા ખાતે ‘બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન-2025’ અને ‘કલાઉત્સવ’ યોજાયો હતો. શાળાનાં બાળકોની સર્જનાત્મક શક્તિ ઉજાગર કરવા તેમજ વિજ્ઞાન અને કલા પ્રત્યે રસ વધારવાના હેતુથી મહુવા તાલુકા પ્રા. શિક્ષણાધિકારી કચેરી તથા BRC ભવન દ્વારા ‘વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે STEM’ થિમ પર આ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિવિધ વૈજ્ઞાનિક પ્રોજેક્ટ્સ અને કલાત્મક મોડેલ્સ તૈયાર કરી પ્રદર્શિત કર્યાં હતાં. બાળકોની પ્રતિભા અને નવીનતાને પ્રોત્સાહન આપતો આ કાર્યક્રમ ઉત્સાહભેર ઉજવાયો હતો. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી સંમેલનકુમાર પાવરા, મામલતદાર ભરત પટેલ, આશ્રમશાળાના આચાર્ય કલ્પેશ પટેલ, તાલુકા પંચાયતના સભ્યો તેમજ મોટી સંખ્યામાં શાળાના વિદ્યાર્થીઓ અને સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.


Milano MULTIPLEX
બારડોલી
Dhurandhar
10:00am, 01:00pm, 02:00pm, 05:00pm, 06:00pm, 09:00pm, 09:30pm
Tere Ishq Mein
11:50pm, 03:15pm, 10:00pm
Laalo-krishna Sada Sahayate-
Gujarati : 07:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333


# કોસંબા નજીક બગાસ ભરી દોડતી ટ્રકનું ટાયર ફાટ્યું

**માલ** ભરેલી બોગી કોતરમાં ખાબકી

**સમય** સૂચકતા વાપરી ચાલક કૂદી પડતાં ચમત્કારિક બચાવ થયો



ઈબ્રાહીમ કાનુ

હથોડા: નેશનલ હાઈવે અને કોસંબા વચ્ચે માર્ગ પર શુક્રવારે સાંજે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. ટ્રકનું ટાયર ફાટતાં ભગાસ ભરેલી ટ્રકની બોગી માલ સહિત ટ્રક પરથી હાલકડોલક થઈ નજીકની કોતરમાં ખાબકી હતી.

ઘટનાની વિગત એવી છે કે, શુક્રવારે સાંજે એક બગાસ ભરેલી ટ્રક સ્ટેટ હાઈવે પરથી પસાર થતી હતી. ત્યારે અચાનક તકનું ટાયર ફાટતાં અને બગાસ ભરેલી ટ્રક હાલકડોલક થઈ ટ્રકની બોગી માલ સહિત ટ્રકના લોખંડના પાટા ઉપરથી નજીકની કોતરમાં ખાબકી હતી.

અકસ્માત સર્જાતાં ટ્રકનો ચાલક સમયસૂચકતા વાપરી ટ્રકમાંથી કૂદી પડતાં તેનો ચમત્કારિક બચાવ થયો હતો. તેમજ અકસ્માત સર્જાયો ત્યારે નજીકમાંથી વાહનો પસાર થતાં હતાં. પરંતુ સદનસીબે અન્ય અકસ્માત સર્જાતા રહી ગયો હતો.

# વ્યાજમુક્ત લોનની લાલચે યુવાને 29.50 લાખ ગુમાવ્યા

HDFC બેન્ક અને વીમા લોકપાલ ઓફિસના કર્મચારી બની ગઠિયાઓએ અંકલેશ્વરના યુવાનને ફોન પર ભોળવ્યો, 13 પોલિસી ખોલાવી છેતરપિંડી

ભરૂચ: અંકલેશ્વરના કોસમડી ગામની શ્રીજી ગજાનંદ સોસાયટી ખાતે રહેતા વિજય રઘુનાથ જીતકર વર્ષ-2021ના ઓક્ટોબરમાં તેમના મોબાઈલ પર એક અજાણ્યા શખ્સનો ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ મુંબઈની HDFC બેન્કના સેલ્સ વિભાગમાંથી ‘પ્રવીણ દેશમુખ’ તરીકે આપી હતી. તેણે વિજય જીતકરને લાઈફ ઇન્સ્યોરન્સ પોલિસી વિશે માહિતી આપી હતી અને સમજાવ્યા હતા કે પોલિસીની સામે તેમને વ્યાજ વિનાની લોન પણ મળશે. આ લાલચમાં આવીને વિજય જીતકર વીમો લેવા માટે તૈયાર થઈ ગયા હતા.

બાદ પ્રવીણ દેશમુખના સાગરિતોએ અલગ-અલગ ઓળખ આપીને વિજય જીતકરને વિશ્વાસમાં લીધા હતા. ફરિયાદ અનુસાર આ ટોળકીમાં વીમા લોકપાલ ઓફિસના કર્મી તરીકે રાજેશ દીક્ષિત, મિસ્ટર ઝા, ગૌરવ મહેતા અને દીપક સિંથ સહિતના લોકોનો સમાવેશ થતો હતો. આ ગઠિયાઓએ મળીને વિજય જીતકરની પત્નીના નામ પર અલગ અલગ 13 ઇન્સ્યોરન્સ પોલિસી ખોલાવડાવી હતી.

બાદ લોન મેળવવાના બહાને વિજય જીતકર પાસેથી અલગ અલગ બેન્ક એકાઉન્ટ્સમાં રૂપિયા જમા કરાવડાવ્યા હતા.

જ્યારે લોન મેળવવાનો સમય આવ્યો ત્યારે ટોળકીએ તેમને વ્યાજ વિનાની લોન લેવા માટે અન્ય બેન્ક એકાઉન્ટ ખોલાવવા માટે દબાણ કર્યું હતું. આ ઉપરાંત જો તે એકાઉન્ટ નહીં ખોલાવે તો અત્યાર સુધી જમા કરાવેલા રૂપિયા પરત નહીં મળે તેવી ધમકીઓ પણ આપી હતી.

ગઠિયાઓની આ ટોળકીએ જુદાં જુદાં બહાનાં હેઠળ ભોળવીને તેમજ ખોટી લાલચ આપીને વિજય જીતકર પાસેથી કુલ રૂ.29.50 લાખની જંગી રકમની છેતરપિંડી કરી હતી. ભોગ બનેલા યુવાને અંતે ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# નશાના પદાર્થના ગુનામાં ફરાર આરોપી 8 વર્ષે ઝડપાયો

**ભરૂચમાં** રૂ.14,20,398ના NDPS કેસમાં ફરાર આરોપી MPમાં ઘરેથી મળી આવ્યો

ભરૂચ: ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે છેલ્લાં 8 વર્ષથી NDPS (નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સીસ) એક્ટના ગુનામાં ફરાર આરોપીને મધ્યપ્રદેશથી ઝડપી પાડ્યો છે. તે ધરપકડથી બચવા માટે અલગ અલગ જગ્યાએ ભાગતો ફરતો હતો. પરંતુ અંતે પોલીસના સકંજામાં આવી ગયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર તા.10/1/2017ના રોજ SOG ભરૂચ દ્વારા વગુસણા નેશનલ હાઈવે નં.8 પર આવેલી જમ્ભ સરોવર હોટલ ખાતેથી ગેરકાયદે નશાકારક પદાર્થોનો મોટો જથ્થો પકડી પાડવામાં આવ્યો હતો.

આ મુદ્દામાલમાં કુલ 1166.62 કિલોગ્રામ પોશડોડા કિં. રૂ.11,66,620 તેમજ 900 ગ્રામ અફીણ કિં.રૂ.18,000 અને રોકડ રકમ મળી કુલ રૂ.14,20,398નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે નબીપુર પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ ગુનામાં સંડોવાયેલો આરોપી મનમોહન ચંપ્પાલાલ માળી (બારદાનવાલા) ધરપકડથી બચવા માટે સતત જગ્યાઓ બદલીને નાસતો ફરતો હતો. દરમિયાન નાસતા ફરતા આરોપીનોને ઝડપવા અંગેની યોજાયેલી સ્પેશિયલ ડ્રાઈવ અંતર્ગત ભરૂચ SOGને બાતમી મળી હતી કે, આઠ વર્ષ અગાઉનો ફરાર આરોપી મધ્યપ્રદેશના મંદસોરના તિલખેડાના મનમોહન ચંપ્પાલાલ માળી (ઉં.વ.54)માં રહે છે. જેના આધારે ટીમે મધ્યપ્રદેશ જઈ તિલખેડા ખાતેથી આરોપીને તેના ઘરેથી ઝડપી પાડ્યો હતો.

# UKના વિઝાની લ્હાયમાં બેન્ક ઓફિસરના રૂ.16 લાખ ગયા

**હોમકેર** વિઝાની લાલચ આપી યુકેના એક સહિત ત્રણ આરોપીએ ભરૂચના બેંકકર્મી પાસે પૈસા ઉસેટી બોગસ લેટર પકડાવી દીધો

### ગધા ભી ગયા, રસ્સી ભી, વિઝા તો મળ્યા નહીં, યુકે પ્રવેશ પર 10 વર્ષનો પ્રતિબંધ

આરોપીઓએ મોકલાવેલો COS (સર્ટિફિકેટ ઓફ સ્પોન્સરશિપ) લેટર બોગસ હતો, જેમાં ચેડાં કરીને આસિફનું નામ લખવામાં આવ્યું હતું. આ ગંભીર છેતરપિંડીના કારણે યુકે એમ્બેસી દ્વારા આસિફ શેખના વિઝા રદ કરવામાં આવ્યા અને તેમને 10 વર્ષ માટે યુકેમાં પ્રવેશવા પર પ્રતિબંધ પણ મૂકી દેવામાં આવ્યો હતો.

ભરૂચ: UKના વિઝા અપાવવાના બહાને ભરૂચના એક બેંક કર્મચારી આસિફ ગુલામઅસગર શેખ પાસેથી રૂા.16 લાખની છેતરપિંડી થઈ હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. ભરૂચ શહેરના વેજલપુર કારિયા સ્ટ્રીટ ખાતે રહેતા આસિફ શેખે આ મામલે બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ગત ફેબ્રુઆરીમાં આસિફના મામાના દીકરા ફૈઝલ મુસ્તાક શેખે તેમને જણાવ્યું હતું કે તે યુકે જઈ આવ્યો છે અને ત્યાં તેની મુલાકાત મૂળ ભરૂચના નુરાની સોસાયટીના વતની મહમદ ઈઝહાન મલેક સાથે થઈ છે. ઈઝહાન મલેક હાલમાં યુકેના લેસ્ટર શહેરમાં રહે છે અને હોમકેર સેક્ટરમાં નોકરી અપાવવાનું કામ કરે છે. ફૈઝલે આસિફની વાત ઈઝહાન સાથે કરાવી હતી. ઈઝહાને આસિફને જણાવ્યું હતું કે, તેની પાસે અનેક સંપર્કો છે અને તે આસિફને હોમકેર વિઝા અપાવી શકે છે. તેણે વિઝાની ખાસિયત ગણાવતા કહ્યું હતું કે, આ વિઝામાં IHS (ઈમિગ્રેશન હેલ્થ સરચાર્જ) ફી લાગતી નથી અને ભવિષ્યમાં પરિવારને પણ યુકે બોલાવી શકાય છે.

આ સમગ્ર પ્રક્રિયાનો કુલ ખર્ચ રૂા.20 લાખ થશે. ઈઝહાન મલેક ભરૂચનો જ હોવાથી આસિફને તેના પર વિશ્વાસ બેઠો હતો અને તેમણે વિઝાની પ્રોસેસ શરૂ કરાવી હતી. આ પછી ત્રણેય આરોપીએ રૂા.16 લાખની રકમ પડાવી લીધી હતી. આ રકમ આરોપી ઈઝહાન મલેકના કહેવા પર અસ્પાક ઉમર ફુરડ (રહે. પાલેજ) અને કિહાન ઉર્ફે આદિલ દલ્લા (મૂળ રહે. સાસરોદ) દ્વારા મેળવવામાં આવી હતી. પોતાની સાથે થયેલી ઠગાઈ બાદ આસિફ ગુલામઅસગર શેખે, મહમદ ઈઝહાન આસિફ અલી મલેક (રહે. નુરાની સોસાયટી, હાલ રહે. યુકે લેસ્ટર), કિહાન ઉર્ફે આદિલ દાઉદ હાજી મહમંદ દલ્લા (રહે. સાસરોદ) અને અસ્ફાક ફુરડ (રહે. પાલેજ) સામે ફરિયાદ નોંધાવી છે.



પ્રદીપ ગુર્જર

### ટીમરોલીયામાં ૨.૫૮ લાખનો દારૂ ઝડપાયો

નેત્રંગ: ભરૂચ એલસીબીની ટીમ તા.૪ના રોજ નેત્રંગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. ત્યારે ટીમને બાતમી મળી હતી કે, ટીમરોલીયા ગામના બુટલેગર દયારામ રતિલાલ વસાવાએ બલદેવા ડેમની પાછળના ભાગ તરફ જવાના રસ્તા ઉપર આવેલા ઝાડીઝાંખરામાં દારૂનો જથ્થો સંતાડ્યો છે. બાતમીમુજબ રેડ કરતાં રૂ.૨,૫૮,૪૩૫નો દારૂ મુદામાલ જપ્ત કર્યો હતો. તો ટીમરોલીયા ગામના બુટલેગર દયારામ રતિલાલ વસાવાને વોન્ટેડ જાહેર કરાયો હતો.

# નર્મદા જિલ્લા આપ પ્રમુખ પર બુટલેગરનો હુમલાનો પ્રયાસ

**ધારાસભ્ય** ચૈતર વસાવાએ ઘટનાને સખત શબ્દોમાં વખોડી

રાજપીપલા: નર્મદા જિલ્લા આમ આદમી પાર્ટી પ્રમુખ નિરંજન વસાવા પર બુટલેગરે હુમલાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાને ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ સખત શબ્દોમાં વખોડી કાઢી હતી. નર્મદા જિલ્લાના ભાજપ અને આપના આગેવાનો વચ્ચે સોશિયલ મીડિયા પર આક્ષેપ પ્રતિઆક્ષેપ બાદ રાજકીય વાતાવરણમાં પલટો આવ્યો હતો. જ્યારે નર્મદા જિલ્લા આમ આદમી પાર્ટી પ્રમુખ નિરંજન વસાવા 5 નવેમ્બરે રાજપીપળા જકાતનાકાથી અંદર આવી રહ્યા હતા. એ દરમિયાન ભદ્રેશ તડવીએ એમની ગાડી આંતરી હુમલાનો પ્રયાસ કર્યો હતો, પણ એ પ્રયાસ નિષ્ફળ ગયો હતો. આ ઘટના બાદ નિરંજન વસાવા સીધા રાજપીપળા પોલીસ મથકમાં પહોંચ્યા હતા અને લેખિત ફરિયાદ કરી હતી. પોલીસે પણ એમની ફરિયાદ લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટના બાદ ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા રાજપીપળા પોલીસ મથકમાં દોડી આવ્યા હતા. એમણે પોલીસ સમક્ષ પોતાનો રોષ ઠાલવતા જણાવ્યું હતું કે, રાજકીય પક્ષના આગેવાનો પણ સુરક્ષિત નથી. એટલી બુટલેગરોની દાદાગીરી વધી ગઈ છે. જો વહેલી તકે ફરિયાદ દાખલ કરી બુટલેગરની ધરપકડ નહીં થાય તો અમે એસપી કચેરીએ ધરણાં પર બેસીશું. એ ડ્રગ પેડલરો અને બુટલેગરોને કહી દેજો આ કોંગ્રેસવાળા નથી. અમે હાથમાં હાથ મૂકીને બેસી નહીં રહીએ, અહીંયા દારૂ અને ડ્રગ બંને મળે છે. કેમ કોઈ કાર્યવાહી કરતા નથી. એ બુટલેગરનો મોબાઈલ સર્વેલન્સમાં નાંખો, એની કોલ ડિટેઈલ ચેક કરો. મારી 2 વાગે ધરપકડ કરી હતી અને 7 વાગે ફરિયાદ દાખલ થઈ હતી એવી રીતે આ બુટલેગરને પણ પકડી લાવો. અહીં કેટલા બુટલેગરો છે, કોણ પોલીસનો વહીવટદાર છે, કોનું કોનું સેક્શન ચાલે છે એની બધી માહિતી મારી પાસે છે.

# ભરૂચમાં પૂરઝડપે દોડતી કારે રાહદારીને અડફેટમાં લીધો

**ઇજાગ્રસ્તને** તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો, ઘટના CCTV ફૂટેજમાં કેદ



ભરૂચ: ભરૂચના પશ્ચિમ વિસ્તારમાં બુધવારે વહેલી સવારે અકસ્માત સર્જાયો હતો. સિફ્રાથી મનુબર ચોકડી તરફ જતા માર્ગ પર પૂરપાટ ઝડપે આવી રહેલી એક કારે રાહદારીને ટક્કર મારી હતી. આ ઘટના નજીકના શોપિંગ કોમ્પ્લેક્સના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. CCTV ફૂટેજમાં કાર ચાલકે રોંગ સાઈડ આવીને રાહદારીને અડફેટે લીધો હોવાનું જોવા મળ્યું હતું. અકસ્માતમાં રાહદારી ગંભીર રીતે ઘાયલ થતાં તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, મનુબર ચોકડી વિસ્તારમાં વહેલી સવારે ટ્રાફિકનું પ્રમાણ વધતું જાય છે. જેના કારણે ઘણા કારચાલકો મુખ્ય રસ્તાને બદલે શહેરના અંદરના માર્ગોનો ઉપયોગ કરે છે. આ સિટી રૂટ પર કારચાલકે ઝડપ જાળવતા વાહન પરનો કાબૂ ગુમાવ્યો હોવાનું મનાય છે. પોલીસ વિભાગે કારનો નંબર મેળવી ચાલકને પકડવાનો દૌર હાથ ધર્યો છે.

# કોસંબામાં અકસ્માત રોકવા બમ્પ મૂકો

**માર્ગ** પર તોતિંગ વાહન તેમજ અકસ્માતની હારમાળા, છ નિર્દોષનાં મોત છતાં તંત્રને બમ્પ મૂકવાનું સૂઝતું નથી



ઈબ્રાહીમ કાનુ

હથોડા: કોસંબા નજીકના દિન પ્રતિદિન ઘાતક પુરવાર થઈ રહેલા મુખ્ય માર્ગ પરથી મહાકાય તોતિંગ ઓવરલોડ વાહનોની 24 કલાક અવરજવર રહે છે. પરંતુ સ્પીડ બ્રેકર મૂકવા વારંવાર લોકોની માંગ તંત્રના બહેરા કાને ન અથડાતાં અકસ્માતમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. જેથી કોઈ ગંભીર પ્રકારનો જીવલેણ અકસ્માત સર્જાય એ પહેલા કુંભકર્ણની નિદ્રામાં પોઢેલા તંત્રના અધિકારીઓ કોસંબા જકાતનાકાથી લઈ રહેણાક વિસ્તાર સુધી યુદ્ધના ધોરણે બમ્પ મૂકે તેવી વિસ્તારના જાગૃત નાગરિકોની માંગ છે.

આ જ માર્ગ પર અકસ્માતની હારમાળા અને પાંચથી છ જેટલા નિર્દોષોનાં મોત થવા બાદ પણ જવાબદાર તંત્રના અધિકારીઓ કયાં કારણોસર જનતાની બંપ બનાવવાની માંગને ગણકારતું નથી તે સમજાતું નથી.

કોસંબા જકાતનાકા નજીકથી પસાર થતો અને નેશનલ હાઈવે નં.48થી માંગરોળ-કોસંબા થઈ છેક હાંસોટને જોડતો બાવા આદમના સમયનો માર્ગ આવેલો છે. આ માર્ગ પરથી મોટી મોટી કંપનીઓમાં માલની આપ-લે માટે મહાકાય તોતિંગ વાહનો રાત-દિવસ દોડતા હોય છે. તો આ જ માર્ગના કિનારે કોસંબા પંચાયત હદ વિસ્તારમાં સમાયેલા અને ગીચ વસતી ધરાવતા ઈદગાહ, કબ્રસ્તાન અને મરઘાં કેન્દ્રની ચાલ આવેલી છે. આ વિસ્તારના લોકો રાત-દિવસ આ જ માર્ગનો ઉપયોગ કરે છે. એના સિવાય કોઈ અન્ય વિકલ્પ નથી.

સ્થાનિક લોકો આક્રોશ સાથે જણાવે છે કે, આ માર્ગ પરથી મોટાં વાહનો ઓવરલોડ મટિરિયલ ભરી માતેલા સાંઢની જેમ દોડતાં હોય છે. કેટલાક ચાલકો એક હાથે ફોન પર વાત કરતા હોય છે અને એક હાથે ડ્રાઈવિંગ કરતા નજરે પડે છે.

મોટાં વાહનોની અવરજવર વચ્ચે સ્થાનિક નાના વાહન ચાલકો ફૂટબોલના દડાની જેમ ફંગોળાઈ રહ્યા છે. પલકવારમાં અકસ્માતમાં લોકોનાં મોત થઈ રહ્યાં છે. જેથી હવે આ માર્ગ પરથી પસાર થવું લોકો માટે દહેશતભર્યું અને જોખમી છે. કોઈ ગંભીર અકસ્માત સર્જાય અને મોટી જાનહાનિ થાય એ પહેલાં બમ્પ મૂકી વાહનોની સ્પીડ નક્કી કરાય એ અત્યંત જરૂરી છે.

### આ જ માર્ગ પર મોટાં વાહનોનું પાર્કિંગ પણ જોખમી, પોલીસ તંત્ર ધ્યાન આપે

કોસંબા જકાતનાકા નજીક જ્યાં અકસ્માતની હારમાળા સર્જાઈ રહી છે, એ જ માર્ગની બાજુમાં આવેલાં ખાણીપીણીનાં સ્થળો પર હાઇવે પરથી આવતા-જતા વાહન ચાલકો નિયમો નેવી મૂકી પોતાનું વાહન માર્ગના કિનારે પાર્ક કરી દેતા હોય છે. જેના કારણે અકસ્માતનું જોખમ વધી જાય છે. પોલીસ તંત્રએ આ બાબતે ધ્યાન આપી લાલ આંખ કરવી જોઈએ.

# બારડોલી રંગ મંદિરે યોગીરાજ રંગઅવધૂત ફિલ્મનું પોસ્ટર વિમોચન કરાયું



બારડોલી : બારડોલી-કડોદ રોડ પર ધામડોદ ગામે આવેલ રંગ અવધૂત મંદિરમાં ગુરુવારના રોજ આયોજિત દત્ત જયંતિ ઉત્સવ નિમિત્તે રંગ અવધૂત મહારાજના જીવન કવન પર આધારીત યોગીરાજ રંગઅવધૂત ફિલ્મનું ઓફિશ્યલ પોસ્ટર વિમોચન ભાવિક ભક્તોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. સમુહમાં દત્તભક્તો સાથે દત્ત બાવની કરી ફિલ્મ પોસ્ટર પર ઓઢાડેલ પવિત્ર વસ્ત્રને ઉતારી વિમોચન સંપન્ન થયું હતું. આ ફિલ્મ ગુજરાતમાં પ્રથમવાર સમર્થ શ્રી રંગ અવધૂત મહારાજના જીવન, ઉપદેશો, આધ્યાત્મ અને આધુનિક યોગ માટેની પ્રેરણાત્મક દ્રષ્ટિના આધારે બનાવવામાં આવી રહી છે. આજના યુગ માટે આ ફિલ એક ડિજિટલ ગ્રંથ સમાન સાબિત થશે. જે ભાવિ પેઢીને પણ રંગ અવધૂત મહારાજના જ્ઞાન, ગુરુભાવ અને અધ્યાત્મિક શકિત સાથે જોડશે. યોગીરાજ રંગ અવધૂત માત્ર એક ફિલ્મ નહીં, એક અધ્યાત્મિક યાત્રા છે. જે મન સમાજ અને સંકૃતિને સ્પર્શે તેવી છે. ફિલ્મનું ટ્રેલર અને રીલીઝની તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.